# <u>ઇ-ટેન્ડર નોટીસ</u>

સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા **ટેન્ડર નોટીસ નંબરઃ ૧ / ૨૦૨૦-૨૧**

| લોખંડની એંગલ ખરીદી માટેનું ઇ-ટેન્ડર | |
|---|---|
| વિભાગ/ખાતાનું નામ | નાયબ વન સંરક્ષક, સામાજિક વનીકરણ વિભાગ, બહુમાળી ભવન, બ્લોક-૨, ત્રીજો માળ, મહેસાણા |
| ખરીદીની વિગત | વાવેતર પ્લોટોના રક્ષણ માટે તાર ફેન્સિંગ કરવા માટે ૪૦ મી.મી. x ૪૦ મી.મી. x ૬ મી.મી. લોખંડની એંગલ ૭ ફુટ લંબાઇની, ૭ હોલ પાડીને (સરેરાશ વજન ૩.૫ કિ.ગ્રા. પ્રતિ મીટરે) દર્શાવેલ સ્થળે પહોંચાડવા સહિત ના ભાવોથી લોખંડની એંગલની ખરીદી |
| ટેન્ડર ફી | રૂ. ૨,૦૦૦/- (ડી.ડી. સ્વરુપે) |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ | રૂ. ૫૦,૦૦૦/- (ડી.ડી. સ્વરુપે) |
| ટેન્ડર ફી/ઇ.એમ.ડી.ના ડી.ડી. જેના નામે આપવાના છે તે. | નાયબ વન સંરક્ષક, સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા |
| બીડ ડૉકયુમેન્ટ ડાઉન લોડીંગની શરુઆત તારીખ | તા. ૨૧/૦૫/૨૦૨૦ સમય – ૧૨-૦૦ કલાક |
| બીડ ડૉકયુમેન્ટ ડાઉનલોડીંગની અંતિમ તારીખ | તા. ૦૪/૦૬/૨૦૨૦ સમય – ૧૮-૦૦ કલાક |
| બીડ ભરવાની અંતિમ તારીખ અને સમય | તા. ૦૪/૦૬/૨૦૨૦ સમય – ૧૮-૦૦ કલાક |
| બીડ ડૉકયુમેન્ટ/ ઇ.એમ.ડી./ટેન્ડર ફી વગેરે પહોંચાડવાની અંતિમ તારીખ અને સમય | તા. ૦૪/૦૬/૨૦૨૦ સમય – ૧૮-૦૦ કલાક સુધીમાં નાયબ વન સંરક્ષક, સામાજિક વનીકરણ વિભાગ, બહુમાળી ભવન, બ્લોક-૨, ત્રીજો માળ, મહેસાણા |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા. ૦૫/૦૬/૨૦૨૦ સમય – ૧૪-૦૦ કલાક |

# <u>લોખંડની એંગલ ખરીદી માટેના ઇ-ટેન્ડરનું ટેકનીકલ બીડ</u>

## સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા

---

બિડરનુ નામ : ______________________

સરનામું : ______________________

______________________

______________________

પાનકાર્ડ નંબર : ______________________

જી.એસ.ટી.નંબરઃ ______________________

મોબાઇલ નંબર : ______________________

બેંક એકાઉન્ટ નંબર :______________________

બેંક આઇ.એફ.એસ.સી.કોડ નંબર : ______________________

બેંકનું નામ :______________________

<u>જરૂરી દસ્તાવેજોનું લીસ્ટ</u>:

૧. ટેકનીકલ બીડ, નિયત કરેલ નિયમો અને શરતો દરેક પાને સહી-સિક્કા સાથે
૨. ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ
૩ ટેકનીકલ બીડમાં દર્શાવેલ તમામ દસ્તાવેજી પુરાવા સહી સિક્કા સાથે

આથી હું/અમે______________________જાહેર કરૂ છું/ કરીએ છીએ કે, અમોએ બધી શરતો અને નિયમો કાળજીપૂર્વક વાંચેલ છે અને તે તમામ સાથે સંપૂર્ણપણે સંમત થાઉ છું/થઇએ છીએ. ઉપર ઉલ્લેખ કરેલ તમામ વિગતો મારી/અમારી જાણ પ્રમાણે સાચી છે અને ઉપર દર્શાવેલ તમામ દસ્તાવેજો આ સાથે જોડેલ છે.

સ્થળ: સહી:

તારીખ: સિક્કો:______________________

# <u>લોખંડની એંગલ ખરીદી માટેના ઇ-ટેન્ડરની શરતો</u>

## <u>સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા</u>

૧. ટેન્ડર વેબસાઇટ www.nwr.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૨. બીડરે નાણાંકીય બીડ ફકત વેબસાઇટ ઉપર ઓનલાઇન જ ભરવાનું રહેશે. ટેકનીકલ બીડ સાથે નાણાંકીય બીડનું ફોર્મ ભરેલ હશે તો તે બીડ અમાન્ય ગણાશે.

૩. મળેલ ટેકનીકલ બીડ વિભાગીય ખરીદ પેટા સમિતિ દ્વારા ચકાસ્યા બાદ જે ટેકનીકલ બીડ પરિપૂર્ણ હશે તે બીડ સમિતિ દ્વારા માન્ય રાખ્યા બાદ તેમનું નાણાંકીય બીડ ખોલીને મંજુરી માટેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

<u>આ ટેન્ડર માટે બીડીંગ કરવાની પાત્રતા</u>

૪. ટેકનીકલ બીડ, તેની સાથે માંગેલ કાગળો તથા ટેન્ડર ફી નો રુ.૨૦૦૦/- નો ડી.ડી. તેમજ ઇ.એમ.ડી.નો રુ.૫૦,૦૦૦/- નો ડી.ડી. એ તમામ બંધ કવરમાં મુકીને તે રૂબરુ અથવા રજીસ્ટર પોસ્ટ/ કુરિયરથી નિયત તારીખ અને સમય સુધીમાં મોકલવાના રહેશે. આ બંધ કવર ઉપર "**લોખંડની એંગલ ખરીદી માટેના ટેન્ડરનું બીડ**" એમ દર્શાવવાનું રહેશે.

૫. ટેન્ડર ફી : રૂ.૨૦૦૦/- તથા ઇ.એમ.ડી. રૂ.૫૦,૦૦૦/- બે અલગ ડી.ડી. સ્વરુપે નાયબ વન સંરક્ષક, સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણાના ના નામે, શિડયુલ બેંક દ્વારા ઇસ્યુ કરેલ હોય તેવા ટેકનીકલ બીડ સાથે જમા કરાવવાના રહેશે. ટેન્ડર ફી નો ડી.ડી. નોન રિફંડેબલ રહેશે, જયારે ઇ.એમ.ડી. માટે જેનું બીડ મંજુર થશે તેની ઇ.એમ.ડી. જયાં સુધી ટેંડરની પ્રક્રિયા ચાલુ રહે, ત્યાં સુધી જાળવી રાખવામાં આવશે જેના ઉપર કોઇ વ્યાજ મળવાપાત્ર થશે નહિં અને અન્ય બીડરોની ઇ.એમ.ડી.ના ડી.ડી. અસલમાં પરત કરવામાં આવશે.

૬. બીડરે તેમનું વાર્ષિક ટર્ન ઓવર અને આ ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી કે તેવી સરખા પ્રકારની કામગીરીનું ટર્ન ઓવર છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ હોય તેનાં ઓડીટેડ સર્ટીફીકેટ રજુ કરવાનાં રહેશે. (વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯)

૭. જો બીડર સરકાર માન્ય કોન્ટ્રાકટર હોય તો રજીસ્ટ્રેશન અંગેની નકલ બીડવી.

૮. જો સરકારી ખાતામાં આ ટેન્ડરની આઇટમનો અથવા સરખા પ્રકારની આઇટમનો સપ્લાય કરેલ હોય તો તેના વર્ક ઓર્ડર અથવા જે તે કચેરીનાં પ્રમાણપત્ર બિડવાં.

૯. બીડર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર ધરાવતા હોવા જોઇએ. રજીસ્ટ્રેશન / પ્રમાણપત્રની નકલ બીડવી.

૧૦. બીડર પાન કાર્ડ નંબર ધરાવતા હોવા જોઇએ. જેની નકલ સામેલ રાખવી.

૧૧. ટેકનીકલ બીડ અને તેની સાથેનાં બીડાણોમાં દરેક પાને બીડરની સહી અને સિક્કા કરેલ હોવા જોઇએ.

૧૨. ખરીદીનો જથ્થો કામગીરીની જરૂરીયાત, ફંડની ઉપલબ્ધતા વિગેરેના આધારે નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા નક્કી કરવામાં આવશે. નાયબ વન સંરક્ષકશ્રીને કોઈ કારણ આપ્યા વગર ટેન્ડર આખરીકરણ પછી પણ આ ટેન્ડરમાં દર્શાવેલ કામને પડતું મૂકવાનું કે જથ્થો ઘટાડવા કે ઉમેરવાનો સંપૂર્ણ અને આબાધિત અધિકાર રહેશે.

૧૩. ટેન્ડરમાં સપ્લાય માટેનો જથ્થો અંદાજીત કામ તથા નાણાંકીય જોગવાઈને આધારે આશરે દર્શાવેલ છે. તેમાં વધારો-ઘટાડો થઇ શકે છે.

૧૪. ચાલુ નાણાંકીય વર્ષમાં ફરી વાર આ જ આઇટમના જથ્થાનો વર્ક ઓર્ડર આપવામાં આવે ત્યારે આ જ ભાવથી સપ્લાય આપવાનો રહેશે. ભાવમાં કોઇ વધારો આપવામાં આવશે નહિ.

૧૫. કમિટિ દ્વારા ચકાસણી બાદ જે એજન્સીએ સૌથી ઓછા ભાવ ભરેલ હશે અને ટેન્ડરની શરતો પરીપૂર્ણ કરે તે રીતે ડોકયુમેન્ટ રજુ કરેલ હશે તેને **L1** તરીકે જાહેર કરવામાં આવશે અને તે પાર્ટીએ ટેન્ડરની રકમના ૫% લેખે થતી રકમનો ગેરંટી મનીનો શીડયુલ બેંકનો નાયબ વન સંરક્ષક, મહેસાણા ના નામનો ડી.ડી. જમા કરાવવાનો રહેશે. ત્યારબાદ તેમને વર્ક ઓર્ડર આપવામાં આવશે.

૧૬. બીડરે નાણાંકીય બીડમાં દર્શાવેલ સ્પેશીફીકેશન મુજબની 40mm X 40mm X 6mm ની ૭ ફુટ ની એમ.એસ.એંગલ (સરેરાશ વજન એક મીટરદીઠ 3.5 kg.) તમામ ટેક્ષ સહિત અત્રેથી દર્શાવેલ સ્થળ ઉપર કેટલા દરથી તેઓ પુરી પાડશે, તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૧૭. નાણાંકીય બીડમાં દર્શાવેલ દરમાં સર્વિસ ટેક્સ, પ્રોફેશનલ ટેક્સ, આવકવેરો, જી.એસ.ટી.વિગેરે તમામ ટેક્ષ સામેલ કરીને દર્શાવવાનો રહેશે. જરૂરી જણાશે તો ચુકવણુ કરતી વખતે નિયમ મુજબ ટીડીએસ ચુકવણામાંથી કપાત કરવામાં આવશે.

૧૮. બીડરે વર્ક ઓર્ડર અથવા તે હેતુનો પત્ર મળ્યેથી નાયબ વન સંરક્ષકશ્રી સૂચના આપે તો એંગલનો નમૂનો રજુ કરવાનો રહેશે.

૧૯. એજન્સીએ વર્કઓર્ડર મળ્યેથી તુર્ત જ સપ્લાય શરૂ કરવાનો રહેશે. જે ૩૦ દિવસની અંદર પૂર્ણ કરવાનો રહેશે. જો નિયત સમયમાં સપ્લાય પુરો કરવામાં નિષ્ફળ જશે તો વર્કઓર્ડરની કુલ રકમના ૧% લેખે પ્રતિ દિવસ પ્રમાણે (મહત્તમ ૧૦% ની મર્યાદામાં) તેમના પાસેથી દંડ વસુલ કરી શકાશે. જો નાયબ સંરક્ષકશ્રીને એમ જણાશે કે આ વિલંબ એજંન્સીના કારણે નથી થયો તો નાયબ વન સંરક્ષકશ્રી આ દંડ માફ કરી શકે છે. આ સંદર્ભમાં નાયબ સંરક્ષકશ્રીનો નિર્ણય અંતિમ રહેશે.

૨૦. જો સંબંધિત એજન્સી તેને સોંપેલ કામગીરી ગુણવત્તાસભર નહીં કરે અથવા વધારે વિલંબ કરેલ હશે અથવા વધારે વિલંબ થવાની શક્યતા હશે તો તાત્કાલિક અસરથી તેમનો વર્ક ઓર્ડર રદ કરીને નિયમાનુસાર તેમનો કરાર રદ કરવામાં આવશે અને ત્યારપછી જે અન્ય એજન્સી આ દરથી કામગીરી કરવા સંમત્ત હશે તેને વર્ક ઓર્ડર સોંપવામાં આવશે અને તેવા સંજોગોમાં જે તે સંબંધિત એજન્સીએ સ્થળ ઉપર ખરેખર કરેલ સપ્લાય મુજબ ચુકવણુ કરવામાં આવશે. આવા સંજોગોમાં નાયબ વનસંરક્ષકશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૨૧. અપૂર્ણ અને ખોટી માહિતી આપનાર અથવા યોગ્ય માપદંડ ન ધરાવતાં હોય તેવાં બીડને સ્વીકારવામાં આવશે નહિ.

૨૨. કોઈપણ કારણસર વિલંબિત થયેલ ટેન્ડરને સ્વીકારવામાં આવશે નહિ.

૨૩. નાણાંકીય બીડમાં દર્શાવેલ દર તમામ પ્રકારના ટેક્ષ, મજૂરી, પરિવહન વગેરે સહિતનો આપવાનો રહેશે.

૨૪. જરુર જણાશે તો પુરી પાડવામાં આવેલ એંગલો પૈકી રેન્ડમલી કેટલીક એંગલોનો સરેરાશ વજન ચકાસવામાં આવશે. જે નિયત સરેરાશ વજનના પ્રમાણમાં હોવો જોઇશે.

૨૫. માન્ય થયેલ એજન્સીને એંગલના સપ્લાય માટે હુકમ આપ્યા બાદ તે એંગલો નક્કી કરેલ માપ, જથ્થો અને કવોલીટી મુજબની તેમજ નિયત સમયમાં પુરી પાડેલ હોવા અંગેનું જે તે રેન્જના પરીક્ષેત્ર વન અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી તે અત્રેની કચેરીમાં ચુકવણી માટેનાં બીલ સાથે રજુ કરવાનાં રહેશે.

૨૬. ચુકવણાં માટે રજુ થયેલ બીલ/વાઉચર, ચુકવણા ફંડની ઉપલબ્ધતાને આધીન શક્ય ત્વરાએ કરવામાં આવશે, ચુકવણું ફંડની ઉપલબ્ધતા પર આધારિત હોવાથી આ માટે કોઇ બાંહેધરી આપવામાં આવતી નથી.

૨૭. થયેલ સપ્લાયની ચુકવણી થયા પછી પણ તેની ગુણવત્તા અથવા જથ્થામાં કોઈ ક્ષતિ જોવા મળશેતો, એજન્સીને દંડ કરવામાં આવશે અને જરૂર જણાયે તેને બ્લેક લિસ્ટ પણ કરવામાં આવશે.

૨૮. કામગીરી વધુ સારી રીતે થઇ શકે તે માટે શરતો અને નિયમોના અર્થઘટન અંગેનો અબાધિત હક્ક નાયબ સંરક્ષકશ્રીનો રહેશે અને એજન્સીને તે બંધનકર્તા રહેશે.

૨૯. એજન્સી દ્વારા કરવામાં આવનાર સપ્લાય માટે તેઓ દ્વારા રોકવામાં આવેલ મજુરોને લગતી તમામ કાયદાકીય બાબતો, જેવી કે મજુર વિમો, મજુર કાયદાનો અમલ, ઔધોગીક વિવાદ ધારો, ન્યુનતમ દૈનિક વેતન દર, સુરક્ષા તેમજ પરિવહન વગેરે કાયદાઓનુ પાલન અને તેમાંથી ઉપસ્થિત થતી તમામ કાયદાકીય અને નાણાકીય જવાબદારીનું વહન એજન્સીએ કરવાનું રહેશે. માલ અત્રેથી દર્શાવેલ સ્થળ સુધી પહોંચાડવા અંગે સુરક્ષા સંબંધિત તમામ જવાબદારી એજન્સીની રહેશે. કોઇ સાવચેતીના અભાવે કોઇ અકસ્માત/દુર્ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી એજન્સીની રહેશે અને તેઓની ન્યાયિક અને ફોજદારીની તમામ બાબતોની જવાબદારી પણ રહેશે. આ અંગેની એજન્સીએ તમામ પ્રકારની મેડીકલ અને સુરક્ષા ઉપકરણોની વ્યવસ્થા કરવાની રહેશે.

૩૦. નાયબ વન સંરક્ષકશ્રીને આ ટેન્ડર પ્રક્રિયાને કોઈપણ તબક્કે કોઇપણ કારણ આપ્યા વગર સ્થગિત અથવા સમાપ્ત કરવા માટેના અબાધિત રીતે સંપૂર્ણ અધિકાર રહેશે.

૩૧. નિયત કરેલ તારીખ અને સમય સુધી મળેલ ટેકનીકલ બીડોની ચકાસણી તે સમયે બીડરો ઉપસ્થિત હશે તો તેમની ઉપસ્થિતીમાં સમિતિ દ્વારા કરવામાં આવશે. ટેકનીકલ બીડ પરિપુર્ણ હશે તે જ બીડરના નાણાંકીય બીડ ખોલવામાં આવશે જે તમામ બિડરોએ માન્ય ગણવાનાં રહેશે.

| | |
|---|---|
| સ્થળ : | બિડરની સહી |
| તારીખ : | સિક્કો |

# લોખંડની એંગલ પુરી પાડવા માટેના જથ્થાની વિગત

સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા

**ટેન્ડર નોટીસ નંબરઃ ૧ / ૨૦૨૦-૨૧**

| વિગત | કુલ અંદાજિત સંખ્યા | રેંજવાઇઝ પુરો પાડવાનો જથ્થો | |
|---|---|---|---|
| | | રેંજનું નામ | પુરી પાડવાની એંગલની સંખ્યા |
| ૪૦ મી.મી. X ૪૦ મી.મી. X ૬ મી.મી. લોખંડની એંગલ – ૭ ફુટ લંબાઇની, ૭ હોલ પાડીને (સરેરાશ વજન ૩.૫ કિ.ગ્રા. પ્રતિ મીટરે) તમામ ટેક્ષ સહિત તથા દર્શાવેલ સ્થળે પહોંચાડવા સહિત | ૫૨૫૦ | વિસ્તરણ રેંજ, મહેસાણા | ૯૫૫ |
| | | વિસ્તરણ રેંજ,કડી | ૨૦૦ |
| | | વિસ્તરણ રેંજ,વિજાપુર | ૭૪૫ |
| | | વિસ્તરણ રેંજ, વિસનગર | ૧૫૯૦ |
| | | વિસ્તરણ રેંજ, વડનગર | ૨૪૦ |
| | | વિસ્તરણ રેંજ,ખેરાલુ | ૧૧૦૦ |
| | | વિસ્તરણ રેંજ, ઉંઝા | ૨૨૦ |
| | | વિસ્તરણ રેંજ,બેચરાજી | ૨૦૦ |
| | | **કુલ** | **૫૨૫૦** |

# લોખંડની એંગલ પુરી પાડવા માટેના ઇ-ટેન્ડરનું નાણાંકીય બીડ

(ફકત ઓનલાઇન જ ભરવું)

સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા

**ટેન્ડર નોટીસ નંબરઃ ૧ / ૨૦૨૦-૨૧**

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વિભાગ,
મહેસાણા બહુમાળી ભવન, બ્લોક નં.ર, ત્રીજો માળ

આથી હુ / અમે નીચે દર્શાવેલ બીડર નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ, મહેસાણા દ્વારા બહાર પાડેલ ઇ-ટેન્ડર અન્વયે ટેન્ડરની શરતો મુજબ અને ટેન્ડરમાં દર્શાવેલ મોજ,માપ અને કવોલીટી અને જથ્થા મુજબની એમ.એસ.એંગલ ટેન્ડરમાં દર્શાવેલ સ્થળોએ પહોંચતી કરવા માટેના ભાવ નીચે મુજબ આપીએ છીએ.

| વિગત | એકમ | દર (રૂ.) | રકમ (રૂ.) શબ્દો અને આંકડામાં |
|---|---|---|---|
| ૪૦ મી.મી. X ૪૦ મી.મી. X ૬ મી.મી. લોખંડની એંગલ – ૭ ફુટ લંબાઇની, ૭ હોલ પાડીને (સરેરાશ વજન ૩.૫ કિ.ગ્રા. પ્રતિ મીટરે) તમામ ટેક્ષ સહિત તથા દર્શાવેલ સ્થળે પહોંચાડવા સહિતનો ભાવ | ૧ નંગ | | |

મેં ટેન્ડરમાં ઉલ્લેખ કરેલ નિયમો અને શરતો ધ્યાનથી વાંચી લીધેલ છે અને તેની સાથે સંપૂર્ણપણે અને સંપૂર્ણ રીતે સંમત થયા પછી જ મારું નાણાંકીય બીડ કોઈ પણ શરતો વગર રજૂ કરૂં છું.

સ્થળ : સહી:________________________

તારીખ : નામ:________________________

સિક્કો:________________________